Patel Shivjee Kanjee
Karachi

...આરમાં શ્રી એસ. એન. લાખાણીએ સાલગ્રેહ
પ્રસંગે વહેંચેલા

# પીળા રંગના હેંડબીલ
# ની પોલ.

લખનાર—મીમ.

છપાવી પ્રગટ કરનાર
એદલજી ધનજી કાબા.
અમરેલી—કાઠીયાવાડ.

વકફ કરનાર—મીમ.

આવૃત્તિ પહેલી. પ્રત ૫૦૦ ઇ. સ. ૧૯૨૨

ધી અરૂણોદય પ્રીન્ટીંગ પ્રેસ—અમરેલીમાં ધારશી ડાહ્યાભાઇએ
માલીકને માટે છાપી છે. તા. ૧—૧—૨૨

વકફ

Patel Shivjee Kanjee
Karachi



જંગબારમાં શ્રી એસ. એન. લાખાણીએ સાલગ્રેહ
પ્રસંગે વહેંચેલા

# પીળા રંગના હેંડબીલ
# ની પોલ.

લખનાર—ભીમ.

છપાવી પ્રગટ કરનાર
એદલજી ધનજી કાબા.
અમરેલી—કાઠીયાવાડ.

વકફ કરનાર—ભીમ.

આવૃત્તિ પહેલી. પ્રત ૫૦૦ ઇ. સ. ૧૯૨૨

ધી અરૂણોદય પ્રીંટીંગ પ્રેસ-અમરેલીમાં ધારશી ડાહ્યાભાઇએ માલીકને માટે છાપી છે. તા. ૧-૧-૨૨

વકફ

# પીળા રંગના હેંડબીલ
# ની પોલ.

બ્રીટીશ ઇસ્ટ અફ્રીકામાં એક મુખ્ય બંદર જંગબાર શહેર આં તા. ૨૫ મી સવાલ હીજરી સને ૧૩૩૯ અને શનીવારના નામદાર આગાખાન મહમદ સુલતાન સાહેબની ૪૪ મી સાલગ્રેહ ના પ્રસંગનો લાભ લઇ PRESENTED BY S. N. LAKHANI તથા "સઇયદ અલીમહમદ (સુન્ની ગ્રહસ્થ)" નામનું તખલ્લુસ ધારણ કરનાર ગ્રહસ્થે ધી હસન પ્રીન્ટીંગ પ્રેસ માં એક હેન્ડબીલ ( પીળા રંગના કાગળ પર ) છપાવી બાહેર પાડીને તે પબ્લીકમાં વહેંચી તમામ મુસલમાનોની લાગણી દુખા વવાની કોશીશ કરી છે. જેની એક નકલ અમોને અમારા એક દોસ્ત તરફથી છેલી ટપાલમા મળી છે, જેના મુળ કારણો અને તેનો ટુંકો જવાબ લખવાની હું મારી અદના ફરજ સમજું છું. અગરચે તે હેંડબીલો અફ્રીકાના દુર દેશાવરમાં વહેંચવામાં આ વ્યા, પણ તે ધાર્મીક સવાલ હોઇ, તમામ મુસલમાનોને જેઓ ગમે તે દેશના હોય, તેઓને લાગુ પડે છે, તેજ કારણને લઇને જો તે પ્રત્યેના મારા વીચારો જો અત્રે દરશાવું તો તે પ્રસંગોચ પાત ગણાશે.

આવું હેન્ડબીલ, અંધશ્રદ્ધાવાળા અને ઝનુની માણસ શીવાય કોઇપણ સમજુ માણસ પછી ભલે તેવી માન્યતાનો હોય, કદી બાહેર પાડી શકે નહીં; અને તેવા ઝનુની માણસનો હેતુ સુલેહ સંપ ચાહનારી પરદેશમાં વસેલી નામદાર બ્રીટીશની પ્રજામાં ખળભળાટ મચાવી, એકજ પોતાની કોમના બે જુદા વર્ગને અથડાવી મારવાનો હોય, તે શીવાય અમો બીજું જોઇ શકતા નથી.

આએ હેન્ડબીલમાં બે કવીતાઓ આપવામાં આવી છે. તેમાંથી પહેલી કવીતા ગુજરાતી ભાષા અને ગુજરાતી હરફમાં, જ્યારે બીજી કવીતા ગુજરાતી હરફ અને ઉરદુ ઝબાનમાં સય્યદ અલીઅહમદ ( સુન્ની ગ્રહસ્થ ) ના નામથી છાપવામાં આવી છે. પહેલી કવીતા જે ગુજરાતી ઝબાનમાં છે, તેમાં તમામ મુસલમાનોના એઅતેકાદ ( કેટલાક અપવાદ શીવાય ) મુજબનું હ૦ મહેદીના ઝુહુર ફરમાવવાની કેટલીક નીશાનીઓ દેખાડેલ છે, જેમાં ખાસ નીશાનીઓ હ૦ ઇસાનુ આવવું, દજ્જાલનું નીકળવું; અને તેનું હ૦ ઇસાના હાથે માર્યા જવાનું અને દાબા નામનું જાનવર ( કે જે જાનવર નથી ) નું ધરતીમાંથી નીકળવું વી૦ ની હકીકત આપવામાં આવી છે. ત્યાર બાદની ઉરદુ ઝબાનની કવીતામાં ઉપલી માન્યતા રાખવાવાળાઓ પ્રત્યે નીરદય અને જુઠો હુમલો કરવામાં આવ્યો છે. આએ બાબતની પુરેપુરી સમજણ પાડવા ખાતર, તેમાંની પહેલી કવીતાની કેટલીક કડીઓ રજુ કરી તે ઉપર વીવેચન કરીશું.

## સાખી.

" મુબારક ૪૪ ગી સાલએક સુલતાન મહમદની આજ "
" ઇસમાઇલી બહુ રંગ રાગથી રમો જમો સહુ સાથ "

... ... ... ... ... ... ...

" સંતો આ સૃષ્ટિ તો અમર નથી—કોઇ દીન નાશ તે થાશે"
" જેરે વસ્તુ છે પેદા થઇ, તે તો નિશ્ચેજ જાશે " ૧
" તે દહાડો ક્યારે આવશે, તેની કહું છું નીશાની "
" જેવું આગળ ભાખી ગયા, મહા પુરૂષો જ્ઞાની " ૨
" પાપ ઘણું જગમાં વરતશે, કાળ પડશે ઘણેરા "
" એક મહા પુરૂષ પેદા થાશે, રાજ થશે તે ફેરા " ૩
" માથે વાદળ છાયા કરે. કરશે ઇનસાફ જગમાં "
" રઇયતને તે સુખ આપશે, કોઇ જુલમ કરેના " ૪
" તે વારે એક દુષ્ટ આવશે, નામ તેનું દજાલ જાણો "
" મહા અભિમાની તે દુષ્ટ છે, એક આંખે છે કાણો " ૫
" તે કેડે ઇસા નબી આવશે, થાશે આકાશવાણી "
" ઇસા તે જગમાંહે આવ્યા, દુષ્ટ નાસે તે જાણી " ૬
" ઇસા આવી તેને મારશે, કરશે રાજ તે વારે "
" નીતિ દયા ઘણી ચાલશે, દુખ નહીં રેહશે ત્યારે " ૭

હવે ઉપર જે ૭ કડીઓ તે તમામ મુસલમાનોના એતેકાદ છે, તેની સાબીતી માટે પહેલા અમો સુન્ની બીરાદરોની કીતાબ-થી ટુંકમાં તે પુરવાર કરીયે છીએ.

મહમદ ઇબ્ને યુસુફ ઇબ્ને મુહમદ અલ ગન્જી–શાફીઇ મઝ-હબના મોટા ઇમામ અને મુહદીસે પોતાની કીતાબ નામે "અલ-બયાન ફી અખબારે સાહેબુલ અસરે વઅઝમાન અલ-મહદીસલામ" માં બાવીસમાં અને છેલા પ્રકરણમાં નીચે મુજબ અરબીમાં લખે છે "ઇન્નલ મહદી વલદન હસનીલ અ-સકરી અ૦ ફેહુવા હય્યુન મવજુદુન–બાકી મુનઝુ ગય-બતીહી ઇલલ આન, વલા ઇમતીના અફી બકાઇહી, બીદલીલા બકાઇ ઇસા–વલ ખીઝર–વલ ઇલયાસ અ૦" જેનો તરજુમો એવી રીતે થાય છે કે મેહદી ઇમામ હસન અસ-કરીના દીકરા હયાત અને મવજુદ છે, અને તેઓ ગાયબ થયા તે વખતથી હમણા સુધી બાકી છે, અને તેમના બાકી રહેવામાં કોઇપણ જાતનો અટકાવ અગર વાધો આવી શકતો નથી. એવી દલીલની સાથે કે જેવી રીતે રીતે હ૦ ઇસા, ખીઝર અને ઇલ-યાસ હમણાં સુધી બાકી છે.

એવીજ રીતે અબદુલવહહાબ શેઅરાની કીતાબ નામે "અલ-લયવાકીત–વલ–જવાહીર" કે જે સુન્નીઓની મશહુર કી-તાબ છે તેમાં નીચે પ્રમાણે તેઓ લખે છે. "અલ મહદી મીન વુલદી ઇમામ હસન અસકરી અ૦ વમવલીદુહુ લયલતુન્નીસફી મીન શઅબાન ખમસા વખમસીન મા અતયન વહુવા બાકી ઇલા અન યજનમીઉબી ઇસબની મરયમ" (ભાવાર્થ) અલમેહદી જેઓ ઇમામ હસન અસ-

હીજરી સ૦ ના ૪૨મા ફરજંદ થાય છે અને તેઓનો જન્મ શઅબાનના અધવચમાં ૨૫૫ ( હીજરી ) માં થયો છે અને તેઓ બાકી છે જ્યાં સુધી હ૦ ઈસા ઇબ્ન મરયમની સાથે તેમનો મેળાપ થાય. ”

એવીજ રીતે મુહમદ ઇબ્ને તલહા શાફીઇ કે જે ઇલમે હદીસ—ઇલમે ફીકહ તથા ઇલમે તફસીર અને ઇલમે તવારીખના મશહુર આલમ થઇ ગયા છે તેઓ પોતાની કીતાબ નામે " મતાલેબુસ સુઉલ ફી મનાકીબી આલીર રસુલ ” માં તેમજ પોતાની કીતાબ " દુર્રુલ મુનઝઝમ ” મા હ૦ મેહદીનું હમણા સુધી બાકી રેહવાનું જણાવે છે.

એવીજ રીતે મોહમદ ઇબ્ને ઇબ્રાહીમ પોતાની કીતાબ “સવાહે અઅઝમ” માં અને સુન્નત જમાઅતના આલમ માલકી નુરૂદીન ઇબ્ને મુહમદ પોતાની કીતાબ નામે " ફુસુલુલ મુહીમા” માં ઉપર મુજબ લખે છે.

એવીજ રીતે શેખ અબદુલઅઝીઝ ઇબ્ને અલ્લામા નસફીએ પોતાના બાપની કીતાબમાંથી નીચે મુજબ ફારસીમાં ઉતારો લીધેલો છે.

" શેખુશ શુયુખ અલ્લામા સઅદુદીન મી ફરમાયદ કે પીશ અઝ પયગંબરે મા હર અંબયાને સાબીક—ઇલમે વલી નમુદે, ઇલમે નબીબુદ, વ મુકરબાને ખુદારા કે વ રેસાને સાહેબે શરીઅત ખ્વાહંદ જુમલે રા અંબીયા ખ્વાનદંદ, વ કૂર હદીસી અઝપક

આહેમે શરીઅત-ઝીયાદા નમુદ, પસ દરદીને આદમ ચંદીન અ
બીયા બુદન્દ કે વારેસાને ઉ બુદન્દ હમચુંનીન દરદીને નુહ અ
વ દરદીને ઇબ્રાહીમ અઝ વ દરદીને ઇસા વ દરદીને મુસા અઝ
મુત દીને જદીદ વ શરીઅતે જદીદા બ પયગંબરેમાં હ૦ મુહમ
દ સ૦ નાઝીલશુદેહ, અઝ નઝદે ખુદા ઇસમે વલી દરદીને મુહમદ
સ૦ પયદા આમદ૦ હક મુબહાનહુ વ તઆલા દુવાઝદા કસ
અઝ એહલે બયતેઉ-બરગુઝીદ વ વારીસાને ઇશાન કરાર, દાદન્દ
વબવીલાયત મખસુસ ફરમુદ-ઇશાનરા-નાએબાને મહમદ સ૦
કરાર દાદન્દ, કે હદીસ અલ ઉલમાઉ ઉમ્મતી કઅંબીયાઉ બની
ઇસરાઇલ દર હકે ઇશાન ઇઝહાર નમુદેહ, અમ્મા વલીયે આ
ખેરીન-કે નાએબે આખેરીન અસ્ત વલીયે દુવાઝદ હુમ વ ના
એબે દુવાઝદ હુમે ઉમામાશાદ કે ખાતેમુલ અવલીયા અસ્ત-વ
મેહદી સાહેબુઝ ઝમાન નામે ઉસ્ત અવલીયા દર આલમ બીશ
અઝ દુવાઝદા નીસતન્દ વ અમા ઉન સીસદો પંજાહો શીશ કે
અઝ રીજાલુલ ગયબ અન્દ ઇશાનરા અવલીયા નમી ગુયન્દ અ
બદાલ મી ગુયન્દ "

## ગુજરાતી તરજુમો.

શેખુશ શુયુખ અલામા સદરૂદ્દીન ફરમાવે છે કે આપણા પ
યગંબરની અગાઉ આગલી શરીઅતોમાં વલીનું નામ નહોતું
( કોઇને વલી કહી પુકારવામાં નહોતા આવતા ) માત્ર નબી
નું નામ હતું અને ખુદાના તે માનવંતા બંદાઓ જે શરીઅત

વાળા પેગંબરોના વારસ હતા, તેઓને અંબીયા ( નબીઓ ) કહેતા હતા. અને દરેક એહજ સાહેબે શરીઅત તરફથી હતું. જેમકે હજરત આદમની શરીઅતમાં ઘણા પયગંબરો થઇ ગયા કે જેઓ હ૦ આદમના વારસ હતા; તેવીજ રીતે હ૦ નુહ, હ૦ ઇબ્રાહીમ, હ૦ ઇસા અને હ૦ મુસાના દીન ( મઝહબ–શરીઅતમાં ) ઘણા પયગમ્બરો થઇ ગયા છે જેઓ મજકુર પયગંબરોના વારીસ હતા, પણ આપણા પયગમ્બર હ૦ મહમદ સ૦ ની આખી નવી શરીઅતમાં ખુદાના તરફથી તેમના વારેસો માટે વલીનું નામ આપવામાં આવ્યું. હક સુબહાનહુ વ તઆલાએ તેમની અવલાદ (એટલે બયત) માંથી બાર જણાને ચુંટયા અને તેઓને તેમના વારેસ ઠરાવ્યા, કે જેઓના હકમાં " ઓલમાએ ઉમ્મતી કઅંબી બાએ બની ઇસરાઇલ ( અમારી ઉમ્મતના ઉલમાઓ બની ઇસરાઇલના પયગંબરોની મીસાલ છે ) ની હદીસથી વધારો કરવા માં આવ્યો છે. અને તેઓમાંના છેલ્લા (બારમા) વલી કે જેઓ છેલા નાયબ છે. બારમા વલી અને બારમા નાયબ છે, કે જેઓનુ મુબારક નામ હ૦ મેહદી સાહેબુઝમાન છે: દુન્યામાં બારથી વધુ છેજ નહીં. પણ જેઓ ઝમાને ગાયબ રહેલા માણસો છે તેઓને અવલીયા કહેતા નથી, પણ તેઓને અબદાલના નામથી ઓળખવામાં આવે છે.

જેવી રીતે ઉપર દર્શાવ્યા મુજબ સુન્ની ઉલમાઓ ઇમામ મહેદીના ગાયબ હોવાનું કબુલ કરે છે તેવીજ રીતે હાદીયાને તરીકતના અકાયદો નીચે દર્શાવવામાં આવે છે.

શેખુલ મશાઇખ અને શેખુલ ઇસલામ મવલાના અહમદ અલ જામી તેમજ શેખ ફરીદુદ્દીન અત્તાર નેશાપુરી તેમજ મવલાના શમસુદ્દીન તબરીઝી તેમજ મવલાના જલાલુદ્દીન રૂમી તેમજ સૈયદ નેઅમતુલ્લાહ વલી તેમજ સૈયદ નસીમી, આ તમામ અહલુલ્લાહ એકમત છે કે ઇમામે આખેરૂઝમાન હ૦ મેહદી અ૦ અવજીફ છે.

વળી નફહાતુલ અન્સમાં મવલાના અબ્દુરરેહમાન જામીના ફારસીમાં કહેલા અશઆર ખુદાઇ બક્ષીસના સાચા નમુના છે. તેઓ કહે છે કેઃ—

" મન કે મેહરે હયદરમ, હર લહઝા અન્દર દીલ સફારત "
" અઝ પયે હયદર હસન, મારા ઇમામો રેહ નુમાસ્ત "
" હમચું કલ્બ ઉફતાદા અમ બર આસતાને શુહ હસન "
" ખાકે નઅલેને હુસયન, હર દીદા ચશ્મે તુતીયાસ્ત "
" આબેદીને તાજે સર, વ બાકરે દો ચશ્મે રૂશનમ "
" દીને જઅફર બર હક અસ્ત, વ મઝહબે મુસા રવાસ્ત "
" અય મવાલી વસફે સુલતાને ખુરાસાન રા શનવ "
" ઝરીહ અઝ ખાકે રવઝા હંદ મન દાં રા દવાસ્ત "
" પીશવાએ મુઅમેનીનાનસ્ત અય મુસલમાનાન તકી "
" ગર નકીરા દુસ્તદારી દર હમા મઝહબ રવાસ્ત "
" અસકરી નુરે દો ચશ્મે આલમ અસ્ત વ આદમ અસ્ત "
" હમચું મહ મેહદી યે હાદી દર જહાં પયદા કુજા સ્ત "

"ફુલ અગ્રે ખયબર ગીરફતે ઉન શાહનશાહે અરબ"
"ફુનકે, દર બાઝુએ હયદર નામયે અહલા ફતાહત"
"શાએરાન અઝ બેહરે સીમો ઝર, સુખનહા ગુફતઅન્દ"
"અહમદે જામી ગુલામે ખાસે શાહે અવલીયાસ્ત"

## ગુજરાતી તરજુમો.

(૧) હયદર (અલી) ના નુરથી મારૂં દીલ હમેશાં નુરાની છે, અને પછી (૨) હસન મારા ઇમામ અને રેહનુમા છે, ખુલ હસન ( હસનના વાલીદ અલી અ૦ ) ના આસ્તાના પર મારા જેવો એક તેમનો કુતરો પડેલો છે, મારી બંને આંખોમાં હુસેનના પગની રજ છે. (૪) આબેદીન મારા સરના તાજ છે. અને (૫) બાકર મારી બંને આંખોના નુર છે. (૬) જાફરનું દીન બરહક છે, અને (૭) મુસાનો મઝહબ જાયઝ (ખરો) છે, અય મારા દોસ્તો (૮) શાહે ખુરાસાનની સીફત સાંભળો કે તેમની કબરની માટી દરદમંદો (બીમારો) માટે અકસીર દવા છે, અય મુસલમાનો, (૯) તકી મુઅમીનોના પેશવા (સરદાર) છે, અગર (૧૦) નકીની મુહબ્બત તારા દીલમાં હોય તો દરેક મઝહબમાં રવા (જાયઝ) છે, (૧૧) અસકરી જગતના લોકોના (મુસલમાનોની) બંને આંખોના નુર છે અને આદમ છે (સીફાતમાં) (૧૨) મેહદીની માફક આખી દુન્યામાં એક બી હાદી ક્યાં છે ? તો આરબોના શહેનશાહે ખયબરના કીલ્લાને ફતેહ કર્યો. કેમકે,

તેમની બાજુ પર " કુન્નાશ્તા " લખેલું છે. શાએરા સોતું આ જે ચાંદી મેળવવાના લોભથી ઘણું કહી ગયા છે, પણ આહમદ જામી સાહેબવલાનો એક ખાસ ગુલામ છે.

એવીજ રીતે શેખ ફરીદુદ્દીન અત્તાર પોતાની કીતાબ " મઝહરરસીફાત " મા લખે છે.

" મુસ્તફા ખતમે રસૂલ શુદ દર જહાં "
" મુરતુઝા ખતમે વીલાયત દર અયાં "
" જુમલે ફરઝંદાને હયદર અવલીયા "
" જુમલે યક નૂરન્દ હક કરદ ઈન નીદા "
" સદ હઝારાન અવલીયા રૂએ જમીન "
" અઝ ખુદા ખાહન્દ મેહદીરા યકીન "
" યા ઈલાહી મેહદીયમ અઝ ગયબ આર "
" દરજહાન તા અદલ ગરદદ આશકાર "
" મેહદીયે હાદીસ્ત તાજે અતકીયા "
" બેહતરીને ખલ્ક બુરજે અવલીયા "
" અય વીલાએતો મુઅય્યન આમદેહ "
" બર દીલોજાન હામી રવશન આમદેહ "
" અય તુ ખતમે અવલીયાએ ઈન ઝમાન "
" અઝ હમે આલમ નહાની જાને જાન "
" અય તુ હમ પયદા વ પેનહાન આમદેહ "
" બનદે 'અત્તાર' સનાખાન આમદેહ "

## ( ગુજરાતી તરજુમા )

મુસતફા ખતમે રસુલ છેલા પયગમ્બર અને મુરતઝા છેલા વલી છે. હયદરનાં તમામ ફરઝન્દો અવલીયા છે અને તેઓ એક જ નુરથી છે એમ ખુદાના તરફથી નીદા ( હુકમ ) આવેલી છે, લાખો ખુદાના નેક બન્દાઓ ( અવલીયાઓ ) ઝમીન ઉપર ખાત્રી પુર્વક ખુદાની દરગાહમાં મેહદીને મેળવવા માગે છે અને કહે છે કે ખુદાવન્દા અમારા મેહદીને મોકલ, કે જેનાથી આએ ઝમીન ઉપર અદાલત ઝાહેર થાય હીદાયત કરનારા મેહદી પરહેઝગાર લોકોના તાજ છે. અને તમામ લોકોથી બેહતર અને બુરજે અવલીયા છે ખાતરી પુર્વક તારી મુહબત ( વીલા ) તેવા લોકો ના દીલમાં દાખલ થઇ છે કે જેઓના દીલ અને જાન ( નુરે ઇમાનથી ) રોશન છે. ખાતરી પુર્વક તમો આએ ઝમાનાના છેલા વલી છો.

ખાત્રી પુર્વક તમો પયદાબી થઇ ચુકયા છો અને ગાયબ છો, આએ તમારો બન્દો "અતાર" તમારા વખાણ અને ફઝીલત બયાન કરે છે.

તેમજ મવલાના જલાલુદીન રૂમી પોતાના 'દીવાન' માં લખે છે કેઃ—

અય સરવરે મરદાં અલી, મસતાન સલામત મીકુનન્દ

વય સફદરે મરદાં અલી મસતાન સલામત મીકુનન્દ

બા કાતીલે કુફાર ગુ બાદીનો બા દીનદાર ગુ
બા હયદરે કરારગુ, મસ્તાં સલામત મીકુનન્દ
બા દુરજે દો ગવહરપુગુ, બાબુરજે દો અખ્તર પુગુ
શબીરા, બા શબ્બર પુગુ મસતાન સલામત મીકુનન્દ
બા ઝયનેદીં આબીદ પુગુ બા નુરે દીં બાકીર પુગુ
બા જઅફરે સાદીક પુગુ, મસતાન સલામત મીકુનન્દ
બા મુસીયે કાઝીમ પુગુ, બા તુસીએ આલમ પુગુ.
બાશદ તકી રેહબર પુગુ. મસતાન સલામત મીકુનન્દ
બા મીરે દીન હાદી પુગુ, બા અસકરી હાદી પુગુ
બા ઉન વલી મેહદી પુગુ મસતાન સલામત મીકુનન્દ
બા બાદે નવરૂઝી પુગુ બા વખ્તે ફીરૂઝી પુગુ.
બા શમસે તબરીઝી પુગુ મસતાન સલામત મીકુનન્દ

( ગુજરાતી તરજુમો )

અય લોકોના સંહાર અલી મસતાન ( દરવીશો ) તમોને સલામ અરઝ કરે છે.

અય બહાદુરોના સરદાર (૧) યા ઇમામ અલી મસતાંન (દરવીશો) તમોને સલામ કરે છે.

કાફેરોના કતલ કરનારને કહો, દીન અને દીનદારને કહો, હયદરે કરારને કહો. મસતાન તમોને સલામ અરઝ કરે છે; એ ચમકતા ગવહરોને કહો, એ માનવંતા બુરજોને કહો. શબીર અને

શપર (૩) હુસેન અને (૨) હસનને કહો મસતાન તમારી ખી દમતમાં સલામ અરઝ કરે છે (૪) ઝયનુલઆબેદીનને કહો, નુરે દીન (૫) બાકીરને કહો, (૬) જઅફરે સદીકને કહો, મસતાન તમારી ખીદમતમાં સલામ અરઝ કરે છે (૭) મુસા કાઝીમને કહો, દુન્યાના (૮) તુસી ( તુસના રહેવાસી ઇમામ અલી રઝા અ૦ ) ને કહો; (૯) તકી રેહબર ( હીદાયત કરનાર ) છે તેને કહો મસતાન તમારી જનાબમાં સલામ અરઝ કરે છે. દીનના (૧૦) અમીર હાદીને કહો ( હ૦ અલી નકી ). (૧૧) અસકરી હાદી ( હીદાયત કરનાર ) ને કહો, તે વલી કે, જેને (૧૨) મેહેદી કહે છે તેને કહો કે મસતાન તમારી જનાબમાં સલામ અરઝ કરે છે.

નવરોજની હવાને ( નવા વરસને ) કહો, ફતેહમદ નીવડનાર નસીમને કહો-શમસે તબ્રીઝીને કહો કે મસતાન તમારી ખીદમતમાં સલામ અરઝ કરે છે.

ઉપર બાર ઇમામોની સીફતમાંજ શેઅર ( કાવ્યો ) શેખ ફરીદુદીન અતાર, અબદુરરહેમાન જામી, જલાલુદીન રૂમી, શમસ તબ્રેઝે કહ્યાં છે જે તેમનાં કીતાબો દીવાન વીગેરેમાંથી ઉતારી આપવામા આવ્યો છે. તેઓ હાદીયાને તરીકત તરીકે મશહુર છે અને જેને વાસ્તે વરતેજી તથા વરતેજીના માની લીધેલા ઇમામ નીચે મુજબ અભીપ્રાય આપે છે.

" આફતાબે હકીકત " પાના ૧૭ માં વરતેજી લખે છે કે " જમાનો હવે શરીઅતથી આગળ વધી તરીકત અને મા

" રૂહતની કદર કરે છે અને તેમજ મૌલાના રૂમીની મશનવી
" શરીફ તથા મૌલાના હાફેઝની દીવાન ગઝલો વીગેરે માન
" સાથે સાંભળવામાં આવે છે. "

## નામ. આગાખાન સાહેબનો અભીપ્રાય.

" બહરે રેહમત " પાન ૧૦૩, " રહમત ૨૮ મી " ખા॰ રેસલામ તા. ૨૯ સપટેમ્બર ઇ. સ. ૧૮૯૯.

" (૧) પીર સદરદીન, (૨) નાસર ખુસરૂ, (૩) ખસા,
" (૪) શાહ શમ્સ તબરેઝ, (૫) મૌલાના રૂમી. એવી રીતે
" માણસો હકીકતના રસ્તા ઉપર આવ્યા. "

" બહરે રહમત " પાન ૫૫, જંગબાર તા. ૨૪ સપટેમ્બર ૧૮૯૯ રહમત ૧૯ મી.

" શાહ શમ્શ, પીર સદરદીન, મૌલાના રૂમ હીલસુફી
" ઘણી પઢેલા હતા. તેમજ તથા કુરાને શરીફ આપના સાથે
" પઢયા હતા. "

" બહરે રહમત " પાન ૧૩

" હું તમોને દીવાને શાહ શમશ તબરેજ તથા મશ
" નવી મૌલાના રૂમની કીતાબો મોકલીશ. તમે તે કીતાબો
" પઢજો "

“ જાલમી દાવતે ઇસલામ ” ને બરોસાદાર તવારીખ સમજી વરતેજીએ પોતે તેમાંથી નોંધ કરી છે. ત્યારે તે શું કહે છે. ( જુવો પાન ૧૫૪ ). “ નીઝારીઆ આગાખાની ફીરકાકી અ-શાઅતે ઇસલામ ” “ અજીબ બાત યેહ હય કે ફરીદુદીન અ-તાર અવર હકીમ બુ અલી સીનાકો ભી અપના હાદી સમજતે હય. ”

આવી રીતે અમો ઉપર જણાવી ગયા મુજબ ફરીદુદીન અતારને આગાખાનીઓ પોતાના ધર્મનો બોધ કરનાર સમજે તથા શમસ તબરેજ તથા મોલાના રૂમી કે જેનું પુરૂં નામ જલાલુદીન રૂમી છે, તે ના૦ આગાખાન પોતે જણાવે છે કે “ તેઓ કુરાન પડથા હતા તથા હકીકતના રસ્તા ઉપર ચાલ્યા. શમ્સ તબરેઝની “ દીવાન ” નામની કીતાબ તમોને મોકલીશ. ” ત્યારે આ વરતેજીના વહાલાઓ! શમ્સ તબરેઝ તથા ફરીદુદીન અતાર તથા જલાલુદીન રૂમી શું કહે છે તે જુવો અને તેને વાસ્તે આ ઉપર પ્રમાણે હેંડબીલ બાહેર પાડનારાઓ શું કહે છે તે તપાસો.

આ ઉપરાંત સુન્ની ભાઇઓના ધણા ઉલમાઓ પોત પોતાની કીતાબો ખુલાસાની સાથે બારમા ઇમામ હ૦ મેહદી અ૦ ના હયાત અને મોજુદ હોવાનું જણાવી ગયા છે, જેનો વધુ ઉતારો લંબાણ થવાની બીકના લીધે છોડી દઇ, ઉપર આપેલી દલીલો પર સંતોષ પકડશું અને આશા રાખીશું કે મહેરબાન વાંચનારને ઉપલી દલીલોથી સ્પષ્ટ સમજાશે કે, તમામ મુસલમાનોનો

એવાજ એઅતેકાદ છે કે, બારમા ઇમામ હયાત અને ગાએબ છે અને તેઓ ખુઝદગવાર જ્યારે દુન્યામાં સખ્ત ઝુલ્મ વી૦ થાશે ત્યારે જાહેર થઇ અદલ અને ઇનસાફ વરતાવશે. જેને વરતેજી પણ ટેકો આપે છે. જેમકે ફારસીમાં કોઇએ કહ્યું છે કે " અદુ શવદ સબબે ખયર ગર ખુદા ખાહદ " અગર ખુદાને મંજુર હોય તો દુશમન ભલાઇનું કારણ થઇ જાય છે. ઉપલી કહેવત મુજબ વરતેજી તરફથી લખાએલ " વેદીક ઇસ્લામ " માં જે હદીસો હ૦ મેહદી અ૦ના ઝુહુર વીશેની મોઅતેબર બતાવી છે તેમાંથી બતાવવામાં આવે છે.

જુઓ " ઇમામ મેહદીની પેશીનગોઇવાળી હદીસો " ના મં-થાળાવાળું પાન ૧ થી વરતેજીની કબુલાત ' ઇમામ મેહદીના ઝહુર વીશેની મોતેબર હદીસો આ નીચે દરજ કરવામાં આવે છે. "

" હદીસ ૧ લી—ચુનાંચે અબુ દાવુદમેં હ૦ અલીસે રીવાયત હય જીસમેકા એક રાવી ફીતર બા હય ઓર વોહ યેહ હય કે હ૦ અલીને આં હજરત સ૦ કા ફરમાના બયાન કીયા. અગર દુન્યા સબ ચલી જાવે ઓર સીર્ફ એક દીન બાકી રેહ જાવે તો ભી ખુદાતઆલા મેરી અહલે બયતમેસે એક સખસકો ખડા કરેગા. જો દુન્યાકો અદલસે ભર દેગા જીસ તરેહસે વોહ ઝુલ્મસે ભરી હોગી."

હદીસ ( પાના ૨૩૨ ) માં " ઇસી તરેહ મીશકાતમે એક હદીસ ગાલેબીન નકલકી હય " અબુ સઇદને કહા કે હઝરત

સ૦ ને ઝીકર કીઆ કે; ઇસ ઉમ્મત પર એક બલા પડેગી; યહાં તક કોઇ શખ્સ જુલ્મસે બચનેકા કોઇ ઠીકાના ન હોગા, ફીર અલ્લાહતઆલા એક શખ્સ મેરી અવલાદ ઓર મેરી એહલે બયતમેંસે ખડા કરેગા ઓર ઉસકે સબબસે જમીનકો અદલ વ ઇન્સાફસે ભર દેગા. જીસ તરેહ કે વોહ જુલ્મો જોરસે ભર ગઇ હોગી. ઉસસે આસમાનકે રહેનેવાલે ઓર જમીનકે રહેનેવાલે રાજી હોંગે ઓર આસમાન અપની બુંદોમેંસે જરા ભી નહીં છોડનેકા. જો ન બરસાઇ હો ઓર જમીન નબાતાતમેંસે કુછ ન છોડેગી. જો ન ઉગાઇ હો, યહાં તક કે જીન્દે મુરદોંકો યાદ કરેંગે ઓર ઉસી હાલતમેં સાત યા આઠ યા નવ બરસ જીન્દા રહેગા." ( મીસકાત સફા ૪૬૭ )

" સહીયહ બહરીને બાં હજરત સ૦ કા યેહ ફરમાના બયાન કીઆ હય કે મેહદી મુજમેંસે હય. ચમકતી હુઇ પેશાની ઓર ઉંચી નાકવાલા, ભર દેગા જમીનકો અદલો ઇનસાફસે; જૈસી કે ભર ગઇ હોગી જુલ્મો જુલ્મસે ઓર વોહ માલીક રહેગા સાત બરસ." (અબુ દાઉદ સફા ૩૭૨)

" હ૦ અલી અ૦ ને કહા કે, રસુલે ખુદા સ૦ ને ફરમાયા હય કે અલ મેહદી હમમેંસે હય. હમારી એહલે બયતમેં હય. એક રાતમેં અલ્લાહતઆલા ઉસકે સબ કામ દુરસ્ત કર દેગા." ( ઇબ્ને માજા સફા ૪૯ )

ઉપલી હદીસોથી પણ સાબીત થાય છે કે દુન્યામાં જ્યારે ઝુલમ ભરાઇ જાશે, ત્યારે ૯૦ મેહદી અ૦ ઝુહુર ફરમાવી અદલ ઇનસાફ કરશે, વરસાદ ખુબ વરસસે, અનાજ મેવા જમીન ઉપર પુષ્કળ થાશે. તેમના સરવે કામ એક રાતમાં દુરસ્ત થઇ જાશે તથા દુન્યાને ઇનસાફ અને અદલથી ભરી સાત વરસ દુન્યાના માલીક રહેશે.

ઉપર દરશાવેલી બાબતોમાંથી એક પણ બાબત નામદાર આગાખાન સાહેબમાં નથી, નતો તેઓ નામદાર ઝુલમને દુર કરી શકયા છે, નતો તેઓના કામ એક રાતમાં સુધરી ગયા છે, નતો દુન્યા ઉપર સાત વરસ ઝુહુર થઇને રાજ કર્યું છે; બલકે તેઓને તો તેઓના મુરીદો એક હાથપર કોઇ ખુદા, તો કોઇ નુરે ખુદા, તો કોઇ ઇમામ—તો કોઇ પીર એવા જુદી જુદી અને એક બીજાથી ઉલટી માન્યતાથી કોરટમાં જુબાની આપી ગયા છે, તથા લખી ગયા છે તો કયા આધારે વરતેજી જેવા તેઓને આ હદીસોના અધીકારી મેહદી અ૦ ગણાવવા નીકળ્યા છે ? વળી મીસકાત સફા ૪૬૭ વાલી હદીસ જે વરતેજી ભરોસાવાળી ગણાવી ગયા છે, તેમાં તો મેહદી ઝુહુર થવા બાદ સાત વરસ યા આઠ યા નવ વરસ જીવતા રહેશે તો નામદાર આગાખાન સાહેબ તો મુંબઇના હાજી બીબી કેસમાં ઇસવી સન ૧૯૦૮ માં પોતાને પોતાના મુરીદોના ઇમામ ખુલ્લી રીતે કહી ગયા ને સેંકડો ખોજાઓ પાસે જા

હેર થયા તેને ઉપરની હદીસ મુજબ સાત આઠ યા નવ વર
સ જાહેર થયા પછી જીવતા રહેવાવાળા મેહદી બતાવો છો,
તો હજુ તો નામદાર આગાખાનનો છ.યો તેમના મુરીદો ઉપર
સલામત છે, ને જાહેર થયે તો આજે લગભગ ૧૩ વરસ
થયા. વાસ્તે મીયાં વરતેજી ! આવું કાચું નહી કાપતા જાવ
કારણ કે ના૦ આગાખાન સાહેબે કદી પણ " વ કુલ્લે શય
ઇન અહસયનાહો ફી ઇમામી મુબીન " વાળી આયતના
અધીકારી ઇમામ પોતાને જણાવેલ નથી. અને તમામ ચીજ
નું ઇલ્મ પોતે જાણવાનો દાવો કર્યો નથી ( જુવો આગાખા
નની જુબાની ). જેઓ પોતે કબુલ કરે છે કે મુલ્લુએ ના૦
અલીશાહના મરણ બાદ ૩ વરસ સુધી ગ્યાનની કેળવણી આ
પી છે. વળી સત્ય વચનથી સાફ રીતે તમારા જેવા મુરીદોની
આંખપણ પરવા રાખ્યા વીના કહી ગયા છે કે જેથી તમોને
નસીહત મળે ને બરાબર સમજી શકો કે ના૦ આગાખાને
કદી પણ કુરઆનની " ઇમામુમ મુબીન " વાળી આયત મુ-
જબના ઇમામ હોવાનો દાવો કર્યો નથી. ખયર હવે અમો
ઉપર મુજબ બતાવી ગયા કે, ૯૦ મેહદી અ૦ ગાયબ છે.
તેઓ જ્યારે દુન્યા જુલ્મથી ભરપુર થઇ જશે ત્યારે જાહેર
થઇ અદલ અને ઇનસાફથી જુલ્મને દુર કરશે કે જે માન્યતા
અમો ઉપર સાબીત કરી ચુક્યા તેમ તમામ મુસલમાનોની છે
જ્યારે તેવી માન્યતા રાખનાર તમામ મુસલમાનોને આ હેન્ડ
બીલ ( પીળું ફરફરીયું ) પબ્લીકમાં છુટે હાથે વહેંચનારાઓ

શું કહે છે તે જુવો. “ માને જો ઇમામ ગયબ સો મઝહબ મેં અયબ હય; પડકે મુબીન ઇમામકો કુરઆંસે ફીર. ( કર દોઝખમે ) ગયે. ”

આવી રીતે ઇમામ ગયબ છે તેવી માન્યતા રાખનારાઓના મઝહબમાં અયબ છે ને તેઓ કુરઆનથી ફરી ગયા ને કાંઉસમાં દોઝખમાં ગયા બતાવે છે. અત્રે જણાવવું જરૂરી છે કે અમારા વોહરા ભાઇઓ; જેઓ ઇસમાઇલી તરીકે બી ઓળખાય છે તેઓ પણ પોતાની માન્યતા મુજબ પોતાના ઇમામ તયબ પડદે થયા છે એમ માને છે તો આવી રીતે હેન્ડબીલ છપાવી પબ્લીકમાં વહેંચનારાઓએ ઇસનાઅશરીઓ વોહરાઓ તથા સૂન્ની મુસલમાનોના મઝહબમાં અયબ દેખાડી તેઓને દોઝખમાં દાખલ કરી અત્યંત લાગણી દુખાવી છે; જેના માટે તેઓ દરેક રીતે જોખમદાર છે; તેમાં ખાસ કરી આ વાત લક્ષમાં રાખવાની જરૂર છે કે; પ્રેસવાળાની જોખમદારી કોઇપણ લખાણ બાહેર પાડયા પહેલાં તપાસવાની છે; તે આ બાબતમાં પ્રેસવાળા પણ છાપવા માટે ઓછા જોખમદાર નથી. હવે મજકુર પીળા હેન્ડબીલમાં જે બીજી અને વાંધાવાળી કવીતા છે તે રજુ કરી તે ઉપર વીવેચન કરશું.

પડકે મુબીન ઇમામકો કુરઆંસે ફીર (કર દોઝખમેં) ગયે.
કુરઆંસેં બાકે જો શાહે મુશ્વદાં મહંમદસે ફીર ગયે.
હાકે મુરીદ પીર સહરદીસે ફીર ગયે
કયા હાલે મુંહકે દેવ મુલેમાંસે ફીર ગયે.

માને જો ઇમામ ગયબ સો મઝહબમેં અયબ હય  
પકડ મુબ્બીન ઇમામકો કુરઆસે ફીર (હર દોઝખમેં) ગયે  
જો એહલે હક થે વોહ તો સચાઇ પર ફીદા રહે  
જુઠે જો થે વોહ દીને સતપંથસે ફીર ગયે          પકડ—  
સચ્ચે જો થે અકીદેક "સુફી" હક રાહ સતપંથમેં રહે  
કુચ્ચે જો થે વોહ (પલટકે) સુરતીએ ઇમાંસે ફીર ગયે—પકડ

ઉપર પ્રમાણેની કવીતામાંથી નીચેના મુદાઓ નીકળે છે—

૧ ( વ કુલ્લો શયઇન અહસયનાઓ ફી ઇમામે મુબીન) પછી કુરઆનથી કોણ ફરી ગયા ? અને દોઝખમાં કોણ ગયા ?

૨ પીર સદરદીનથી કોણ ફરી ગયું ?

૩ કુરઆનને કોણ નથી માનતું અને કુરઆનને અમો માનતા નથી એમ કહી કુરઆનથી કોણ ફરી ગયું ?

૪ પોતાને મુસલમાન કોણ નથી કહેવરાવતા ?

હવે " વ કુલ્લો શયઇન અહસયનાહો ફી ઇમામીં મુબીન " ની આયત તો હાલમાં કહેવાતું ઇસમાઇલી સાહિત્ય ઉતેજક મંડળ તેના અર્થ " ઇમામે મોજુદ " બુક ભાગ ૧ લામાં અને વરતેજીના વીલમાં વરતેજી કબુલ કરી ગયા છે કે (જુવો વરતેજીનું વીલ પાના ૧૯૧ સવાલ ૨૫ ના જવાબમાં ) " એટલે દરેક વસ્તુની સમજ (હીસાબ) જાહેર

ઇમામથી હોય છે. અત્રે જાહેર ઇમામ કે રોશન ઇમામના સવાલનો જવાબ આપવાથી આ લેખમાં લંબાણ થાય તેથી તેનો જવાબ આપતા નથી; પરંતુ તે વીશે જેઓને જોવાની જરૂરત હોય તેઓએ રાહેનજાતના છેલ્લા અંકોમાં "મી૦ ગવહરીને હક જવાબ" વાળું લખાણ જોઇ લેવા ભલામણ છે. અહીં ફકત જે વરતેજી કબુલ કરે છે કે, ઇમામ પાસે હરેક ચીજનું ઇલમ છે. તો તે ઇમામ જે કુરઆનની અંદર હરેક ચીજનું ઇલમ છે તેનું જ્ઞાન ઇમામ પાસે છે, તેને ને આગાખાનને કેવો સબંધ છે તે વીશે જુઓ હાજી બીબી કેસમાં તેઓની જુબાની. તા. ૨૮ જુલાઇ ૧૯૦૮ થી તા. ૩૧ જુલાઇ ૧૯૦૮ સુધી મુંબઇ સમાચાર વી૦ અથવા ના૦ "આગાખાન કેસ" ખોજા આમદભાઇ સીવજી મુંબઇ ઠેકાણું ખડક ખોજા ઇસમાઇલી જમાતખાના દફતર ઓફીસ છાપવાળો સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસમાં છપાયલો કેસ વાંચો. તે કેસમાંથી ફકત નમુના દાખલ ના૦ આગાખાન નથી જાણતા તે રજુ કરૂં છું.

## ના૦ આગાખાનના મુખ વચનથી કોરટમાં નીકળેલાં સત્ય વચનો.

સ૦—રાજલભાઇ કરીમભાઇ ઇબ્રાહીમ તમારા મુરીદો છે?

જ૦—નામના તો છે. તેના હૃદયમાં શું છે તે મને ખબર નથી. તેઓ હજી અમારાથી જુદા પડયા નથી.

સ૦—તમારા મુરીદોની જમાતમાં તેઓ છે ?

જ૦—હા.

સ૦—તેઓ બધા લાગા આપે છે ?

જ૦—મને ખબર નથી.

હવે જ્યારે બધા લાગા આપે છે કે નહીં, તેટલી પણ ખબર ન હોય તો, આવા ઇમામ કેવરાવનારાઓને કયામતના દીને કયાંથી ખબર પડશે કે, કોણે કોણે લાગા આપ્યા છે અને કોણે નથી આપ્યા, કે તેનો બદલો આપી શકે ! વળી પોતાના મુરીદના દીલની વાત નહીં જાણી શકે, તેમજ બધા લાગા આપે છે કે નહીં તેની બી ખબર નહોય તેને " વ કુલ્લે શયઇન અહસયનાહો ફી ઇમામી મ્મુબીન " વાળી આયતના અધીકારી ઇમામ કેમ સમજી શકાય ?

સ૦—તમારા પીતાના મરણ બાદ તમે તમારા "ગ્નાન" ની કેળવણી ગુરુ પાસેથીજ મેળવી ?

જ૦—ગુરુ "ગ્નાન" નો તરજુમો કરી મને સમજાવતો હતો. એક રીતે એજ ધરમની કેળવણી છે બીજી રીતે નથી.

સ૦—આઠ વરસની ઉમર બાદ તમો કોઇ પાસે ધાર્મીક કેળવણી લીધી હતી નહીં ?

જ૦—અગીઆર વરસની ઉમર સુધી ગુરુએ મને કેળવણી આપવી ચાલુ રાખી હતી. મારા પીતા તરફથી મને ધા

ર્મીક કેળવણી તેના મરણ આગળ દસ મહીનાથી મળી હતી તે વખતે આશરે ૭ વરસનો હું હતો.

સ૦—તમે ગુજરાતી જાણો છો ?

જ૦—એક શબ્દ પણ નહી.

ઉપર પ્રમાણે જેઓ ગુજરાતી જાણતા નહોય, પોતાના મુરીદોના દીલમાં શું છે તે જાણતા નહોય, પોતાના મુરીદોની જમાતમાંથી મેમ્બર બધા લાગા આપે છે કે નહીં તે ધ્યાન ન હોય, જેણે ધાર્મીક કેળવણી ગુણુ પાસેથી લીધેલી હોય. વળી મી૦ જોનકેની યુરોપીયન વદ્વાનના કહેવા મુજબ દસ વરસ ઇંગ્લીશ કેળવણી તેના કનેથા લીધેલી હોય; અને જેના દાદા હસનઅલીશાહ પોતે અલીમહમદ નામના સખસ પાસે ઇલમે અદબ શીખ્યા હોય તેવા સખસને તમામ મુસલમાનો ના "વ કુલ્લે શયઇન અહસયનાહો ફી ઇમામુ મ્મુબીન" આયતવાળા ઇમામ મનાવવાને નીકળવું તેને ચોખ્ખી મુર્ખાઇ શીવાય બીજું શું કહી શકાય ?

હવે જ્યારે ના૦ આગાખાનને મજકુર "ઇમામે મુબીન" વાળી આયતથી કાંઇ સબંધ નહોંય; તો તે આયત પડીને કોરઆનથી કોણ ફરી ગયું તે વાંચનારની મુનસફી પર છોડી આપશું. અમારે કાંઇ વીવેચન કરવાની જરૂર નથી.

હવે પીર સદરદીનથી કોણ ફરી ગયું તે જુવો.

કોરટની અંદર પુરવાર થયલું છે કે; પીર સદરુદીને ખોજાઓને મુસલમાન બનાવ્યા હતા, જેની દલીલ જુવો અમરેલીમાં છપાએલ આગાખાન કેસનો જડજમેન્ટ પાના ૩૭ ની ૫ મી લીટીમાં "પીર સદરદીન દાઇ યાને પાદરીએ ખોજાઓને મુસલમાન કર્યા હતા" વળી તેજ મુજબ મી૦ રસલ સાહેબે હાજી બીબી કેસનો ચુકાદો આપેલ છે તે અમદાવાદ શા૦ રતનચંદ ગોકલદાસ છાપખાનાવાળાએ છપાવી પ્રસીદ્ધ કરેલ છે તેના પાના ૨૩ ની છેલ્લી લીટીથી પાના ૨૪ ની શરૂઆતની બે લીટી જુવો તેમાં લખે છે કે "જેની ઉમેદ રાખી શકાય છે તે પ્રમાણે એકાદ તિક્ષણ અને બુદ્ધીવાળાએ અમારા અભીપ્રાય પ્રમાણે તે દસ અવતારની હકીકત ઉતપન થએલી છે તે ગ્રંથ કરવાનો હેતુ હિંદુઓને મુસલમાન કરવાનો હતો." વળી આગળ ચાલતાં જડજ સાહેબ બતાવે છે કે, લીટી ૨૪ થી ૨૦ સુધી "આ કામ ચાલતું હતું તે દરમ્યાનમાં અમને સુન્નીયો તથા આગાખાન અને તેમના ધર્મ પ્રમાણે માનનારામાં કાંઇ વી રૂધતા હોય, તે અજાયબ લાગેલું હતું, કારણ કે અમારા અભીપ્રાય પ્રમાણે ખોજા તરીકે ઓલખાતા હીંદુઓની મ્હોટી સંખ્યા વટલાવાને તે મંડળીના સારા રહીશ કે તેવા આબરૂદાર અને શરીરના સબળા શખસોને મુસલમાંન ધર્મમાં લીધેલ છે અને તે ઓમને પીર સદરૂદીને તથા કબીરદીને વટલાવેલા ના હોત તો, તેઓ હીંદુ ધર્મ પ્રમાણે ચાલનારા રહેલા હોવાજ જોઇએ અને તે ધર્મ મુસલમાનોથી તદન જુદો છે." હવે ઉપર મુજબ પીર

સદરદીને ફંતહવા પ્રમાણે ખોજાઓને હીંદુમાંથી મુસલમાન ધર્મમાં વટલાવ્યા. હવે મુસલમાન ધર્મમાં બે ભાગ શીઆ અને સુન્ની. આજે આગાખાની ખોજાઓ પોતાને શીઆ ઇમામી ઇસમાઇલી તરીકે ઓળખાવે છે તેઓ જો પોતાને શીઆ ફીરકામાં લેખતા હોય તો જડજ જોસફ આરનોલ્ડના મત મુજબ જુઓ બારમા વા કેસ પાના ૨૧ " શીઆ અને સુન્ની મહંમદને ખુદાના પેગમ્બર અને કુરઆનને ખુદાના કલામ તરીકે માન આપવામાં એક એકને મલતા થાય છે " તો તેઓ ઉપર મુજબના મત મુજબ કુરઆનને માનનારા હોવાજ જોઇએ. એના વીશે ના૦ આગાખાન પણ પોતાના મુરીદોને મુસલમાન જણાવી હીંદુઓની વાતો તજી દેવાનું ફરમાવે છે જુઓ કહેવાતા " શીઆ ઇમામી ઇસમાઇલી મીત્ર મંડળની પાંચમી ભેટ " અમુલ્ય મોતીની માળા પાના ૧૬ થી ૧૭ " હીંદુઓની વાતો એલમમાં પડો છો તે વ્યાજબી નથી. જ્યારે તમો હીંદુ હતા તે વખતે પીર સદરદીને તમોને રસ્તો દેખાડયો તે વખત વહી ગયો " વળી જુઓ એજ મંડળની છાપેલી " અમુલ્ય મોતીની માળા " ભ.ગ ૨ જો પાના ૪૪ ( ફરમાને આગાખાન સાહેબ )

" તમે હિંદુ હતા ત્યારે વખતને અનુસાર આસ્તેથી તમોને સમજણ આપવામાં આવી. જો તુરંત તમોને કહેવામાં આવત કે, મુસલમાન થાઓ તો કબુલ નહિ કરત. પણ આસ્તેથી સમજાવીને તમને મુસલમાન કરવામાં આવ્યા. " ઉપર પ્રમાણે ખો-

જાઓને હીંદુમાંથી મુસલમાન કરવામાં આવ્યા છે તે સાબીત છે અને પીર સદરદીનનું માનીતું વચન " સાચા દીન રસુલકા તે તમે સહી કરી જાણો " પ્રખ્યાત છે, હવે રસુલ સ૦ નો દીન કયો ? તે બધાએ ઉપર જવાબ આપેલ. તે મુજબ કુરાનને ખુદાની કીતાબ તથા રસુલ સ૦ ને ખાતેમુન-બ્બીયીન ખુદાના છેલ્લા પયગંબર માનવાને અને તેઓના હુકમ મુજબ ચાલવાને પીર સદરદીને સાચા દીન રસુલકા કહ્યું છે; નહીં કે જેવી રીતે વરતેજી " વદીક ઇસલામ " આ લોકોને સમજાવવા નીકળ્યા છે. જુઓ વરતેજીનું વેદીક ઇસલામ પાનાં.

" કલમેકા વીરદ રહે બેદપે ધ્યાન રહે "
" હમ સતપંથી ખોજે ન હિન્દુ ન મુસલમાન રહે"

હવે જ્યારે ઉપર પ્રમાણે ખોજાઓ મુસલમાન હોવાનું ઇન્સાફી અદાલતોમાં નામદાર જડજો જણાવે અને ના૦ આગાખાન પણ ખોજાઓને મુસલમાન જણાવે, પીર સદરદીન પણ સાચા દીન રસુલકા જણાવે, ત્યારે કઇ દલીલોથી વરતેજી "નહિં હિંદુ ન મુસલમાન કહેવા નીકળ્યા ?

તલકશી લવજી આગાખાનનો નોકર તુરખાઇના કેસ પાના ૨૮ માં જુઓ શું કહે છે—" ઇસનાઅશરી અને ઇસમાઇલી બંને શીઆ ધર્મના વિભાગો છે. કુરાન શરીફને અમે માનતા નથી અને અમારા ધર્મગુરૂએ કોઇ દી કુરાન શરીફનું કહ્યું નૂ

થી. પયગંબરો એક લાખ ને ચોવીસ હજાર થઇ ગયા છે તો બધા પયગમ્બરોને અમો માનતા નથી.”

વળી જુઓ ઇસમાઇલીઆ કાઉન્સીલના માજી ચેરમેન કાસમ સવજીની જુબાની મજકુર કેસના ભાગ ૨ પાના ૮ થી.

“ અમે ઇસમાઇલી શીયા છીએ. ઇસમાઇલી અને ઇસનાઅશરી તે બંને શીયા ધર્મના ફાંટા છે. અમે કુરાનને માનતા નથી.” ઉપર પ્રમાણે કુરાનને નહીં માનનાર કોણ છે ? અને કઇ જમાતમાં કાઉન્સીલના હોદ્દાઓ ભોગવે છે તે જુઓ. આવી જ રીતે ના૦ આગાખાનના હાજી બીબી કેસમાં કેટલાક ખોજાઓ કુરાનને નથી માનતા કહી ગયા છે. આવી રીતે કુરાનને નહીં માનનારના વાસ્તે આગાખાની ધર્મ પાળનાર નુરભાઇ ખોજાણુના ધારાના હીમાયતી બેરીસ્ટર ગુલામમહમદના વચનો તપાસો; તેઓ કઇ શાખ પુરાવે છે. જુઓ નુરભાઇ કેસ ભાગ બીજો પાન ૨૫.

## પ્રખ્યાત બેરીસ્ટર ગુલામમહમદ મુનશીના વચનો.

“ શીઆ અને સુન્ની મુસલમાન ધર્મનાજ ભાગ છે. ખોજા ધર્મ તો મુસલમાની ધર્મ કહેવાય નહીં; તેઓ અવતારને માને, એક કરતાં વધારે ખુદાને માને અને અલી એજ ખરો ખુદા છે એમ માને એટલે તેઓ તો હરેક શુધ્ધ મુસલમાનની નજરે કાફર છે.”

આ વાક્યો જુવો અને કુરાનથી કોણ ફરી ગયું ? તે તપાસ કરો. વળી પીર સદરદીને મુસલમાન બનાવ્યા. હવે મુસલમાન બન્યા પછી કુરાનને ન માનવાનું કહેવા નીકળનારાઓ તથા ખુદાના દસ અવતાર, તે વળી કચ્છ, મચ્છ, વારાહ, નૃસિંહ કે જેમાં બે જળચર ( પાણીની અંદર રહેનાર ) તથા બે વનચર ( જંગલના જાનવર ) આવા અવતારની માન્યતા રાખનારાઓ જ્યારે શુદ્ધ મુસલમાનોને કુરાનથી ફરી ગયા કહે, તો " ચોર કોટવાળને દંડે " તે કહેવત તેઓને આબાદ લાગુ પડે છે કે નહીં તેનો તોલ ઇનસાફી વાંચકોના હાથમાં સોંપું છું.

## સુન્ની સઇયદ અલીમહમદ તખલ્લુસ ધારણ કરનારને અમારી ભલામણ.

ઉપરનું તકરારી હેન્ડબીલ બાહેર પાડવામાં, જો એક સુન્ની ગ્રહસ્થનો ખરેખરો રીતે હાથ હોય તો, તેઓને અમારે વીનંતી કરવી જોશે કે, તેઓએ જરા ખોજાઓના કારટે ચડેલા કેસો વાંચી જોવા જોઇએ, જુઓ અમારા ખોજા ભાઇઓ કે જેઓ મુંબઇની અંદર સુન્નત વલ જમાઅતનો ધર્મ પાળે છે તેઓ " બારભાયા " ના નામે ઓળખાય છે, તેઓને સુન્નત જમાઅતમાં દાખલ થયલા જોઇ અંધશ્રધાવાળા આગાખાનીઓઓ શું શું જુલમ કર્યા છે તે કોઇની જાણ બાહેર નહીં હોય ? જો તમોને ધ્યાન ન હોય તો જુઓ હું તે ફકરાઓ અત્રે રજુ

મેં પૃ. " જોસફ આરનોલ્ડના ચુકાદામાં જુવો પાના ૫૭ થી
૫૮ તે નામદાર જડજના વચનો. " મુંબઈની ખોજાની જમાત
" અથવા મંડળી સાથે આગાખાનનો પોતાનો સબંધ કેરો છે.
" એનો પહેલો સબંધ તો તેઓ સાથે ઝઘડા અને ફીસાદનો
" લગતો હતો એવું લખેલું માલમ પડે છે. હાલના જે વાદી
" ઓ છે તેમાંનો ચાલાક અને વગરાળો અહમદ હબીબભાઈ
" તેના બાપ હબીબ ભાઈ હીમની આગેવાનીથી વાદીઓ ૧૮૨૯
" માં " દસોંદ " અથવા પોતાની કમાઈ ઉપર કાંઈએક ટકો
" આપવાને ના પાડી સામે થયા હતા, એ લોકોના સામે થ-
" વાને તોડી પાડવા માટે આગાખાને પોતાના ખાસ આડતીઆ
" તરીકે મુંબઈ ખાતે મીરઝા અબદુલ કાસમને મોકલ્યો હતો
" અને તેના સાથે એક ઘણીજ ચાલાક ઔરત મેરી બીબી જે
" આગાખાનની મમાઈ થાય, તે પણ આવી હતી. તેણીએ પો
" તે જમાતખાનામાં જમાત ભરાઈ ખોજાઓ આગળ તેઓના
" મુરશદના હાવા બાબત ગુપ્તચારીઓ ભાષણ કર્યું હતું જે
" મોટી અસર ઉપજાવે એવું માલુમ પડે છે. આ કામ જ્યારે
" ચાલતું હતું ત્યારે ઇસવી સને ૧૮૨૯ ની સાલમાં ખોજાઓ
" ઉપર સુપ્રીમ કોરટમાં એક બીલ તરીકે ફરીયાદ માંડી, કે તે-
" ઓ પાસેથી એ કર વસુલ કરવા માટે હુકમનામું થવું જોઈ-
" એ. આ ફરીયાદીના જવાબની ચોથી કલમમાં આગાખાન ક
" હે છે કે મેં ફરીયાદ કાંઈ તેના હુકમથી માંડી નથી, પણ

" એક વકીલાતનામું જેના ઉપર આગાખાનની મોહોરથી સીલ
" કર્યું છે ( અને D નીશાનથી રજુ કરેલું ) તેમાં સાફ ખુ
" લ્લે ખુલ્લું લખેલું છે કે " મુંબઇમાં કેટલાએક બદ ખસલત
" ના માણસોએ બેઅદબીનો પાયો નાખ્યો છે. વાસ્તે જરૂર છ
" ઇ કે, તેઓના ઉપર અંગ્રેજની દરબારમાં ( સીરજા અબદુલ)
" એવી ફરીયાદી માંડવી. " આ પ્રમાણે રીતસર સવા અરજા
થી ફરીયાદ માંડવામાં આવી હતી, પણ ચલાવી નહી તેથી તા.
૨૨ મી જુલાઇ ૧૮૩૦ ના રોજ તે ફરીયાદ કાઢી નાખી.

હવે જુઓ પાન ૫૯—

" આ ફરીયાદ છોડી દીધા પછી જે જુદા પડી સામે થ
" યા તેઓને મુંબઇની જમાત આગળ બોલાવી મંગાવ્યા અને
" તેઓ પાસે જે ફી માગી તે નહીં આપવા કીધું; તેથી તે-
" ઓને ન્યાતી બહાર મુક્યા. " પાછળથી જ્યારે દસોંદ આપવા
ચડેલા કરો આપ્યા ત્યારેજ ઇ. સ. ૧૮૩૫ માં જમાતમાં લીધા.
વળી બીજી વાર ખોજા સાજન મેરાલીવાળા મુકદમાની ખટપટ
મેલી છે. સન ૧૮૪૮ ના હબીબ ઇબ્રાહીમ તથા તેમના સાથ
વાળાઓને બીજી વાર નાત બહાર કર્યા. ત્યાર પછી જુવો એ
જ કેસ પાન ૬૭ ના જડજના વચનો. " ૧૮૫૦ માં આ ફી
" સાદમાંથી માહીમ ખાતે એક અફસોસ ઉપજાવનાર બનાવ
" બન્યો. બારભાઇની ટોળીના ચાર ખોજાઓને સામી તરફવા

" જા કેટલાક તેમને મારી નાખ્યા હતા અને તેમાંના ૧૯ જ
" ણાઓની આ ગુન્હા માટે ૧૮૫૦ ના ડીસેમ્બર માસમાં મા
" જી સુપ્રીમ કોરટમાં તપાસ થઇ, અને ચાર જણને મોતની સ
" જા આપી ફાંસી દીધી. નંબર ૨૦ વાળા સાક્ષી ઉપર પણ
" એ વાંક મેલવામાં આવ્યો હતો પણ તે છુટી ગયો હતો. તે
" ણે આનાકાની કરી કબુલ કર્યું હતું કે, ચાર ખુનીઓની
" લાશને મુંબઇના ખોજાઓને સ્વાધીન કરી અને તેઓને દફ
" નાવતી વખતે આગાખાનના હુકમથી નહીં, તોપણ આંખ મી
" ચામણીથી અણુઘટતું માન આપ્યું."

હવે જુઓ આવી રીતે સુન્ની ખોજાઓને મારી નાખ્યા. તે ઉપરાંત તેવીજ રીતે એક સયદ નસરતઅલીશાહનું ખુન પણ કોઇએ કરેલ. ત્યાર બાદ લાલન પીડાઇ જમાતના આગેવાનનું ખુન કરાંચી ખાતે આવાજ કોઇ ઝનુનીએ કરેલ. વળી મુંબઇ ખાતે ઇસનાઅશરી ખોજાઓના ખુન પણ થયેલ, તથા છેલ્લે કરાંચી ખાતે ઇસનાઅશરી જમાતનું સરઘસ નીકળેલ તે ઉપર ધર્મ ઝનુનીઓએ પથરા ફેંકેલ, તે સરવે બાબતો તપાસતાં અમારૂં કહેવું સુન્ની ગ્રહસ્થ અલીમહમદને એટલુંજ છે કે, તેઓએ આ ઇતીહાસ પહેલાં પુરણ વાંચવો જોઇતો હતો, ત્યાર બાદ આગાખાન શાહ હસનઅલી દાતાર તથા નાં૦ આગાખાન અલી શાહ તથા હાલના આગાખાનનો જુનો ઇતીહાસ વાંચવો જોઇતો

હવે. અમો હીમ્મતથી કહીએ છીએ કે ના૦ હસનઅલીશાહે તથા અલીશાહે ખોજાઓમાં બાર ઇમામને મનાવવાનો પ્રયત્ન કરેલ છે જે તમો " ઇબ્બરતે અફઝા " " મન હજી રૈશાદ " " કનઝુલ મસાઇલ " તથા સીંધીમાં છપાયેલા ખોજાઓના વાસ્તે રીસાલાઓ માહે રમઝાનના આમમાલ તથા છેલ્લે છેલ્લે હાલના ના૦ આગાખાન સાહેબે " ખોજા કોમના મઝહબના મુળતત્વો " છાપેલ, તેમાં પણ નમાઝ રોઝા વી૦ મોહમેદન ધર્મ પ્રમાણેજ પાળવાને પોતાના મુરીદોને ફરમાવેલ છે ને તેઓએ પોતે ઘણાં સુધી તો " પીર " નો દાવો કર્યો કહેલ છે પણ હવે તો કોઇ ખુદા, કોઇ નુરે ખુદા, કોઇ પયગંબર, કોઇ પીર તો કોઇ ઇમામ એમ જુદી જુદી માન્યતા મનાવવા નીકળે ને " ભેળસેળની જાત્રા " કરે તેથી અમારે ના૦ આગાખાનની સહી સાથની પોતાના ધર્મની માન્યતાની એક કીતાબ છપાવવી જોઇએ. જેથી તમામ મુસલમાનોને તેઓની ખરી માન્યતાની સમજણ પડે, ને તેથી આપણે સત્ય વાત ઉપર વાદ વીવાદ કરવાને બંધારે શક્તિમાન થાશું. બાકી જ્યાં સુધી એવી રીતે એક ખરી સહી સાથની પોતાની માન્યતાની કીતાબ બાહેર નહીં પાડે ત્યાં સુધી પોતાની માન્યતા મુજબ નહી ચાલનાર ઉપર હુમલાઓ કરવા અને હેન્ડબીલો બાહેર પાડવાં એ આવી વીસમી સદીમાં કોઇ કાળે વાજબી ગણાશે નહીં.

આએ ઉપર દરશાવેલા ખુલાસાથી "મુબીન ઇમામ" પડી કુરાનેશરીફથી ફરી જનાર અને હોઝબના સજાવાર કોણ ગણી શકીય તે સમજી લેવાને અમો મુનસફ મીજાજના વાંચનાર ઉપર મેલી આપશું અને આશા રાખીશું કે ફરીથી આવા હુમલાઓ કરી તમામ મુસલમાનોને રંજીદા નહીં કરવામા આવશે.

શ્રીમ.



# મફત મળતી કીતાબો.

વરતેજીને ત્રેપન સવાલો—મી. જીમે મી. વરતેજીને ત્રેપન સવાલો ઇસમાઇલી ધર્મનું પોઝીશન સાફ કરવાને પુછેલાનું પેમ્ફલેટ

મી૦ હુદાને ત્રીશ સવાલો—મી. અએને મી. હુદાને ત્રીશ સવાલો હાજર ઇમામની ઇમામતની દલીલો જવાબવાને પુછેલાનું પેમ્ફલેટ

મી૦ હુદાને પ્રતિઉતરો—મી. હુદાએ રચેલી ઇમામે મોજુદ નામની ચોપડીનું હેરત પમાડનારી દલીલોથી ખંડનનું પુસ્તક

ખોજા મઝહબનાં કેટલાક મુળતત્વો—ના. આગાખાને પોતાના મુરીદો માટે છપાવેલી કીતાબની બીજી આવૃતી વીરમગામવાળા શેઠ મામદભાઇ હાજી પનજી તથા રેમતલાભાઇ સાંદીએ વકફ કરાવી છે.

હકૂએ મુશકેલાત—મી. ઉનાવાળાએ હજરત ઇમામ હુસેન અ૦ ની અઝાદારીની વીરૂદ્ધમાં છપાવેલા પેમ્ફલેટનું ખંડન મી૦ મુસાભાઇ જાફરે લખેલું.

અઝાદારી યાને મી૦ ઉનાવાળાને દંદાંશીકન જવાબ—મી૦ ઉનાવાળાના રદીઆમાં આ દંદાશીકન કીતાબ મી૦ હુસેન મેઘજીએ લખી છે.

સોબુતે અઝાદારી—મી૦ મોહમેદને સધ્ધર દલીલોથી અઝાદારીને આગાખાન તથા આગાખાનીઓની જુબાની પરથી સાબીત કરી ઉનાવાળાને જવાબ આપ્યો છે.

પીળા રંગના હેન્ડબીલની પોલ—જંગબારમાં મી૦ એસ. એન. ભાખાણીએ સાલગ્રેહ પ્રસંગે વહેંચેલા પીળા રંગના હેન્ડબીલની વળીઆ ઝાટક તપાસ મી૦ મીએ લખેલી.

દરેક કીતાબનું પોસ્ટેજ પેકીંગ ખર્ચ એક એક આનો.

લખો—નુરે હીદાયત ઓફીસ
અમરેલી—કાઠીઆવાડ

---

# નુરે હીદાયત.

“ નુરે હીદાયત ” નામનું માસીક ચોપાન્યું આજ ૭ વર્ષ થયા ઘણી આબો તાબ સાથે દર અંગ્રેજી મહીનાની પહેલી તારીખે બહાર પડે છે જેમાં ઇસલામની ખરી ખુબીઓ બતાવી બેદીનીની સખ્ત ઝાટકણી કાઢવામાં આવે છે ઉપરાંત સાંસારીક કેળવણી માટેના ઉમદા લેખો આપી કોમને આગળ વધવા ઉશ્કેરવામાં આવે છે, ખોજાઓ તથા મોમીન કોમની દીની તથા દુન્યવી સુધારણા માટે ખાસ ધ્યાન આપવામાં આવે છે રોયલ આઠ પેજી પાંચ ફારમનું છતાં લવાજમ માત્ર રૂ૦ ૨ પો.સ્ટેજ સાથે શ્રીમંતો પાસેથી રૂા. ૫) પહેલા, બીજા, ત્રીજા, ચોથા તથા પાંચમા વર્ષની બાઇન્ડીંગની ફાઇલોના દરેકના રૂા. પાંચ પાંચ પોસ્ટેજ ચાર ચાર આના.

એદલજી ધનજી કાબા.
અધ.પતી “ નુરે હીદાયત ”
અમરેલી—કાઠીઆવાડ

# શું આગાખાન ઇમામ છે ?

આ તદન નવીન કીતાબમાં અજીએ ગરીબ હિદાયતના ઝુમખાઓ પરોવ્યા છે કે જેની ચમક દમક બનાવટી ઇમામતના અધિકારને દુર કરી આપે છે અને ઇમામતના આકાશના ઘમઘોર વાદળાંઓને છીન્નભિન્ન કરી નાંખે છે. તો આ કીતાબ દરેક બેરાદરે ખરીદ કરી તેને પોતાના હૈયાનો હાર બનાવવો જોઇએ. ક્યાં છે ભાઇ વરતેજી કે તેનો જવાબ આપે, કેમકે ભાઇ વરતેજીની પોલ તો તેમાં ખુબ ખોલવામાં આવી છે.

૨૯૨ પૃષ્ટો-પાકું છીંટનું બાઇન્ડીંગ છતાં કીમત માત્ર એકજ રૂપીઓ પો. બે આના

ઠેરે. હીદાયત ઓફીસ—અમરેલી

# હીદાયત ગ્રંથમાળા.

મણકો પહેલો—

## ગુલદસ્તે હિદાયત.

સમસ્ત ખોજા કોમની સુધારણા માટેના ગઝલો તથા સુલ ખુલા લખાણો, કે જેમાં કોમની સ્થિતિ આઇના સમાન બતાવી છે.

કીમત આઠ આના પો. એક આનો.

---

મણકો બીજો—

## જામે હિદાયત.

જેમાં સમસ્ત ખોજા કોમને એક લાયક કોમ બનાવ નો નુસખો આપવામાં આવ્યો છે અને તેની હાલની ફેંકડી હાલતના રંગઢંગ જણાવી ખરી સુધારણા બતાવી છે.

કીમત આઠ આના પો. એક આનો.

લખો—નુરે હીદાયત ઓફીસ.
અમરેલી—કાઠીયાવાડ.